# ભારતીય જનતા પક્ષ

(કેન્દ્રીય કાર્યાલય)
૧૧, અશોક રોડ, નવી દિલ્હી-૧૧૦૦૦૧
ફોનઃ ૨૩૦૦૫૭૦૦, ફેક્સઃ ૨૩૦૦૫૭૮૭

તા.૨૯ જાન્યુઆરી,૨૦૧૩

# ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા અને સાંસદ શ્રી પ્રકાશ જાવડેકરનું પ્રેસ વક્તવ્ય

**ડિઝલ માટે બેવડી ભાવ યંત્રણા**

કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી ડિઝલ માટની બેવડી ભાવ યંત્રણાને ભાજપ વખોડી કાઢે છે. આવા પગલાથી સરકારે સામાન્ય જનતા પર અભૂતપૂર્વ અસહ્ય બોજ લાદ્યો છે. સરકારે ડિઝલને નિયંત્રણમુક્ત કરતી વખતે ગ્રાહકોની બે કેટેગરી નક્કી કરી છેઃ જથ્થાબંધ વપરાશકારો અને ઓઈલ કંપનીઓના રિટેલ આઉટલેટ પાસેથી ખરીદી કરતા ગ્રાહકો. આમાં ઓઈલ કંપનીઓના રિટેલ આઉટલેટ પાસેથી ખરીદી કરતા ગ્રાહકોએ ડિઝલના લિટરદીઠ રુ. ૫૦થી ૫૪ ચૂકવવા પડશે, જ્યારે જથ્થાબંધ વપરાશકારોએ રુ. ૬૨થી ૬૫ પ્રતિ લિટર ચૂકવવાના રહેશે.

રાજ્ય પરિવહન વિભાગને આ નિર્ણયનો સૌથી મોટો ફટકો પડશે, કારણ કે તેઓએ વર્ષે રુ.૩૦૦૦ કરોડ વધારાના ચૂકવવા પડશે. એવી જ રીતે રેલવેએ પણ વર્ષે વર્ષે રુ.૬૦૦૦ કરોડ વધારાના ચૂકવવા પડશે. આમ સરકારે જથ્થાબંધ વપરાશકારની કેટેગરી ઊભી કરીને જનતા પાસેથી એક ઝાટકે રુ. ૧૮,૦૦૦ કરોડ ખંખેરી લીધા છે.

**આ બધાનો બોજ સામાન્ય જનતા પર આવશે. તાજેતરમાં ડિઝલના ભાવ દર મહિને વધતા જાય છે, તેમાંથી જનતાને કળ વળી નથી, ત્યાં આ બીજો ફટકો પડ્યો છે. ડિઝલને નિયંત્રણમુક્ત કરવાથી એકંદર બોજ રુ. ૬૦,૦૦૦ કરોડનો થશે.**

માછીમારોને પણ જથ્થાબંધ વપરાશકારની કેટેગરી લાગુ થશે. ગ્રાહકોને ડિઝલ આપવાના નવા નિયમથી ખેડૂતોએ પણ જથ્થાબંધ વપરાશકારની કેટેગરીના ભાવ ચૂકવવા પડશે.

**ભાજપ બેવડી ભાવયંત્રણા તાત્કાલિક પાછી ખેંચવાની માગણી કરે છે. રિટેલમાં ડિઝલના ભાવ ઘટાડવાનો આગ્રહ પણ ભાજપ કરે છે.**

## તેલંગાના મુદ્દો

અલગ તેલંગાના રાજ્ય સ્થાપવાની માગણી સંદર્ભે અપનાવવામાં આવી રહેલી વિલંબ નીતિની ભાજપે આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી છે. સરકારે

૨૮ જાન્યુઆરી, ૨૦૧૩ સુધીમાં અલગ તેલંગાના રાજ્ય સ્થાપવાનો નિર્ણય લેવાનું વચન અગાઉ આપ્યું હતું તેનું પાલન કર્યું નથી. કેન્દ્રીય ગૃહ પ્રધાન સુશીલકુમાર શિંદેએ ગત ડિસેમ્બર મહિનામાં સર્વપક્ષીય બેઠકમાં આવું વચન આપ્યું હતું. તેલંગાનાની જનતા સાથે સરકારે વિશ્વાસઘાત કર્યો છે, જે હરગીઝ સાંખી લેવાય એમ નથી.

૯ ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ તે વખતના ગૃહ પ્રધાન પી.ચિદમ્બરમે એવું જાહેર કર્યું હતું કે અલગ તેલંગાના રાજ્ય સ્થાપવાની પ્રક્રિયાનો પ્રારંભ થઈ ચૂક્યો છે, પરંતુ કોંગ્રેસના રાજકારણને લીધે તે મુદ્દો જાહેરાત કરાયાના દિવસે જ અભેરાઈએ ચડાવી દેવામાં આવ્યો. આ અગાઉ વર્ષ ૧૯૮૦માં કોંગ્રેસ સરકારે શ્રી ચેન્ના રેડ્ડીના આંદોલનકાળમાં પણ આવો જ વિશ્વાસઘાત કર્યો હતો.

ભાજપ સતત અલગ તેલંગાના રાજ્ય સ્થાપવાની તરફેણમાં છે. અમે ફરીએકવાર એવી માગણી કરીએ છીએ કે કેન્દ્ર સરકારે નવા રાજ્યની રચના તાત્કાલિક જાહેર કરવી જોઈએ અને બજેટ-સત્રના પહેલા જ દિવસે તે બાબતનો ખરડો લાવવો જોઈએ. એનડીએ દ્વારા આવા ખરડાને બિનશરતી ટેકો આપવામાં આવશે. નહિતર કોંગ્રેસે તેની આકરી કિંમત ચૂકવવી પડશે.

**(ઓ.પી.કોહલી)**
**હેડક્વાર્ટર ઈન્ચાર્જ**